www.prepp.in

# ECONOMICS

**PAPER-II**
**DEC-19/10**

Name & Signature of the Invigilator

.................................................

.................................................

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   - *(i)* To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   - *(ii)* Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   - *(iii)* After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **સો (૧૦૦)** પ્રશ્નો આપેલા છે. **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   - *(i)* પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   - *(ii)* કવરપૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   - *(iii)* આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર, લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

Prepp
Your Personal Exams Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# ECONOMICS
## PAPER-II

# અર્થશાસ્ત્ર
## પેપર–II

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice and matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **સો (૧૦૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. In which sector of the Indian Economy will we find a high rate of disguised unemployment ?
   (A) Service sector
   (B) Transport sector
   (C) Agriculture sector
   (D) Manufacturing sector

2. "Development that meets the needs of the present generations without compromising the ability of future generations to meet their needs." This definition of sustainable development was proposed by :
   (A) Amartya Sen
   (B) World Bank Committee
   (C) IMF
   (D) Brundtland Commission

1. ભારતના કયા ક્ષેત્રમાં છુપી બેકારીનો દર, સૌથી વધું છે ?
   (A) સેવા ક્ષેત્રમાં
   (B) વાહન વ્યવહાર ક્ષેત્રમાં
   (C) કૃષિ ક્ષેત્રમાં
   (D) ઉત્પાદકીય ક્ષેત્ર

2. ''પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે ભવિષ્યની પેઢીઓની ક્ષમતાને અસર પહોંચાડયા સિવાયનો વિકાસ કે જે વર્તમાન પેઢીની જરૂરીયાતોને પોષે છે.'' ટકાઉ વિકાસની આ વ્યાખ્યા :
   (A) અમર્ત્ય સેન
   (B) વર્લ્ડ બેન્ક કમિટિ
   (C) આઈ.એમ.એફ.
   (D) બ્રન્ડલેન્ડ કમિશન

   દ્વારા આપવામાં આવી હતી.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

3. In which Bank, Banaras State Bank has been merged ?
   (A) State Bank of India
   (B) Canara Bank
   (C) Punjab National Bank
   (D) Bank of Baroda

4. Inclusive growth is an important objective of the development process. In this context, which of the following would *not* amount to inclusive growth ?
   (A) Poverty reduction
   (B) Disinvestment
   (C) Good Governance
   (D) Skill building

5. Terms of trade between the two countries refer to ratio of :
   (A) Export prices to import prices
   (B) Currency values of two countries
   (C) Export to imports
   (D) Balance of trade to balance of payments

3. કઈ બેન્ક સાથે 'બનારસ સ્ટેટ બેન્ક' ને ભેળવી દેવામાં આવી છે ?
   (A) સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા
   (B) કેનેરા બેન્ક
   (C) પંજાબ નેશનલ બેન્ક
   (D) બેન્ક ઓફ બરોડા

4. વિકાસ પ્રક્રિયામાં એક મહત્વનો ઉદ્દેશ સમાવેશક વૃદ્ધિનો છે. તેના પરીપ્રેક્ષ્યમાં. નીચેનામાંથી કયું સમાવેશક વૃદ્ધિનું કારણ નથી ?
   (A) ગરીબીમાં ઘટાડો
   (B) વિનિવેશ
   (C) શુશાસન
   (D) કૌશલ્ય નિર્માણ

5. બે દેશો વચ્ચેની વ્યપારની શરતો કયો ગુણોત્તર દર્શાવે છે ?
   (A) નિકાસની કિંમતો અને આયાતની કિંમતો
   (B) બે દેશોના ચલણોની કિંમતો
   (C) નિકાસ અને આયાતો
   (D) વ્યાપારની સમતુલા અને લેણદેણની સમતુલા

www.prepp.in

6. A potential problem with the accumulation of public debt that results due to the heavy borrowings by the Government is that :

(A) It may push the interest rate higher which crowds out private investment

(B) It may push the interest rates downwards which may crowd in private investment

(C) Interest rate remains neutral and private investment will not change

(D) None of the above

7. Poisson distribution is used in the case of :

(A) Predicting rainfall

(B) Predicting gender of a newborn baby

(C) Prediction of rare events

(D) Predicting winning chances in a horse race

6. સરકાર દ્વારા મોટા પાયા પર ધીરાણ લેવાને કારણે જાહેર દેવામાં જે વધારો થાય છે, તેને પરિણામે ઉત્પન્ન થતી સંભવિત સમસ્યા એ છે કે :

(A) તેને કારણે વ્યાજના દરમાં વધારો થાય જેથી ખાનગી મૂડીરોકાણ ઘટે

(B) તેને કારણે વ્યાજના દરમાં ઘટાડો થાય જેથી ખાનગી મૂડીરોકાણ ઘટે

(C) વ્યાજનો દર સ્થિર રહે અને ખાનગી મૂડીરોકાણમાં ફેરફાર ન થાય

(D) ઉપરનામાંથી કોઈ નહીં

7. પોઈસન વિતરણનો ઉપયોગ :

(A) વરસાદ અંગેની આગાહી માટે

(B) નવજાત શિશુની જાતિ અંગેની આગાહી માટે

(C) વિરલ ઘટનાઓની આગાહી માટે

(D) ઘોડાની રેસમાં જીતવાની તકો અંગેની આગાહી માટે

કરવામાં આવે છે.

www.prepp.in

8. Given a series in Geometric progression $a, ar, ar^2, ar^3$ ....... $ar^n$, has the ratio of two consecutive terms as :

(A) $ar$

(B) $a$

(C) $r$

(D) X

9. Indifference curves are redundant in the derivation of demand curve in .............

(A) Hicks-Allan approach

(B) Hicks approach

(C) Slutsky approach

(D) Samuelson approach

10. The theory of consumption which argues that consumption is based on household's long run estimate of their income is called the :

(A) related income hypothesis

(B) permanent income hypothesis

(C) Duesenberxy theory

(D) life-cycle hypothesis

8. ગુણોત્તર શ્રેણી $a, ar, ar^2, ar^3$ ....... $ar^n$ માં બે સતત પદો વચ્ચેનો ગુણોત્તર :

(A) $ar$

(B) $a$

(C) $r$

(D) X

છે.

9. માંગના વક્રની તારવણી માટે સમતૃપ્તિ વક્રો બીનજરૂરી છે, એ :

(A) હીક્સ–એલનનો અભિગમ

(B) હીક્સનો અભિગમ

(C) સ્લટ્સ્કીનો અભિગમ

(D) સેમ્યુઅલસનનો અભિગમ

છે.

10. વપરાશ એ લોકોની તેમની લાંબાગાળાની આવકોના અંદાજો ઉપર આધારીત છે તેવી દલીલને વપરાશના સિદ્ધાંતમાં ......... કહે છે.

(A) સંબંધિત આવક ઉત્કલ્પના

(B) કાયમી આવક ઉત્કલ્પના

(C) ડ્યુઝેનબેરીનો સિદ્ધાંત

(D) જીવનચક્ર ઉત્કલ્પના

www.prepp.in

11. Industrial Policy Resolution 1956 stressed on :

(A) Expanding public sector

(B) Speeding up industrialization

(C) Both (A) and (B)

(D) None of the above

12. The laws of Pareto optimality in production and consumption is given by :

(A) The social welfare function

(B) The utility possibility curve

(C) The transformation curve

(D) The grand utility possibility curve

13. Which one of the following is *not* a function of Commercial Bank ?

(A) Providing Project Finance

(B) Selling mutual funds

(C) Deciding bank rate policy

(D) Settlement of payments on behalf of the customers

11. 1956 ની ઔદ્યોગિક નીતિના ઠરાવ પર ભાર મુકયો.

(A) જાહેર ક્ષેત્રનું વિસ્તરણ

(B) ઔદ્યોગિકરણની ગતિ વધારવી

(C) બન્ને (A) અને (B)

(D) ઉપરમાંથી કોઈ નહીં

12. ઉત્પાદન અને વપરાશમાં પેરેટો ઈષ્ટતમતાના નિયમો :

(A) સામાજીક કલ્યાણ વિધેય

(B) તુષ્ટિગુણ શકયતા વક્ર

(C) રૂપાંતર વક્ર

(D) ભવ્ય તુષ્ટિગુણ શકયતા વક્ર

દ્વારા આપવામાં આવ્યા છે.

13. નીચેનામાંથી કયું વ્યાપારિક બેન્કનું કાર્ય નથી ?

(A) પ્રકલ્પ (પ્રોજેકટ) માટેના નાણાં પૂરા પાડવા

(B) મુચ્યુઅલ ફંડોનું વેચાણ કરવું

(C) બેન્ક રેટ નીતિ નક્કી કરવી

(D) ગ્રાહકોના પ્રતિનિધિ તરીકે ચૂકવણીની પતાવટ કરવી

14. In economic development, the theory of surplus value is given by :
   (A) Schumpeter
   (B) Karl Marx
   (C) Ricardo
   (D) Mrs. Joan Robinson

15. David Ricardo presented the theory of international trade is called :
   (A) Theory of absolute advantage
   (B) Theory of comparative advantage
   (C) Theory of equal advantage
   (D) Theory of total advantage

16. Which of the following taxes has *not* being subsumed at the state level into GST ?
   (A) State value added tax
   (B) Taxes on agricultural land
   (C) Entertainment tax
   (D) Taxes on lottery

14. વિકાસના અર્થતંત્રમાં અધિશેષ મૂલ્યનાં સિદ્ધાંત દ્વારા આપવામાં આવેલ છે.
   (A) શુમ્પીટર
   (B) કાર્લ માર્કસ
   (C) રીકાર્ડો
   (D) શ્રીમતી જોઆન રોબીન્સન

15. ડેવીડ રીકાર્ડોએ આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સિદ્ધાંત આપ્યો છે, જેને :
   (A) નિરપેક્ષ લાભનો સિદ્ધાંત
   (B) તુલનાત્મક લાભનો સિદ્ધાંત
   (C) સમાન લાભનો સિદ્ધાંત
   (D) કુલ લાભનો સિદ્ધાંત
   કહે છે.

16. નીચેનામાંથી કયો કર, રાજ્ય સ્તરે જી.એસ.ટી. માં સમાવિષ્ટ કરવામાં આવતો નથી ?
   (A) રાજ્ય મૂલ્યવર્ધન કર
   (B) કૃષિજમીન પરના કરવેરા
   (C) મનોરંજન વેરો
   (D) લોટરી પરનો વેરો

www.prepp.in

17. Which one of the following measures of variation is independent of 'change of origin' as well as 'change in scale' ?

(A) Range

(B) Quartile deviation

(C) Mean deviation

(D) Standard deviation

18. The price of a commodity varies with place and time. The variable 'price' can be categorised as :

(A) Discrete variable

(B) Categorical variable

(C) Continuous variable

(D) Qualitative variable

19. An upward sloping supply curve of labour means :

(A) Substitution effect = Income effect

(B) Substitution effect > Income effect

(C) Substitution effect < Income effect

(D) None of the above

17. નીચેનામાંથી પ્રસારમાનનો કયો માપદંડ, ''ઉગમ બિંદુના પરિવર્તન'' તથા ''સ્કેલ પરિવર્તન'' થી સ્વતંત્ર હોય છે.

(A) વિસ્તાર

(B) ચતુર્થક વિચલન

(C) મધ્યક વિચલન

(D) પ્રમાણિત વિચલન

18. એક વસ્તુની કિંમત, સ્થળ અને સમય પર આધારીત છે. ચલરાશિ 'કિંમત' ને :

(A) અસતત ચલરાશિ

(B) વર્ગીકૃત ચલરાશિ

(C) સતત ચલરાશિ

(D) ગુણાત્મક ચલરાશિ

ગણી શકાય.

19. ઉપરની તરફ ઢાળવાળા શ્રમના પૂરવઠા વક્રનો અર્થ :

(A) અવેજી અસર = આવક અસર

(B) અવેજી અસર > આવક અસર

(C) અવેજી અસર < આવક અસર

(D) ઉપરનામાંથી કોઈ નહીં

www.prepp.in

20. The combined effects of the multiplier and accelerator is called :

(A) Supper-multiplier

(B) Leverage effect

(C) Investment multiplier

(D) Both (A) and (B)

21. When there is unempoyment caused by a lack of consumer spending, we classify this type of unemployment as :

(A) Cyclical

(B) Regional

(C) Seasonal

(D) Structural

22. Which one of the following countries is the first country in the world to propose a carbon tax for its people to address global warming ?

(A) Australia

(B) Germany

(C) Japan

(D) New Zealand

20. ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત અસરોને .......... કહે છે.

(A) ઉપરી ગુણક

(B) કોઈ હેતુ પાર પાડવાના સાધનની અસર

(C) મૂડીરોકાણનો ગુણક

(D) (A) અને (B) બન્ને

21. જ્યારે ઉપભોક્તા ખર્ચના અભાવને લીધે બેરોજગારી થાય છે ત્યારે આપણે આ પ્રકારની બેરોજગારી વર્ગીકૃત કરીએ છીએ.

(A) ચક્રીય

(B) પ્રાદેશિક

(C) મૌસમી

(D) સંરચનાત્મક

22. વૈશ્વિક તાપમાનના પ્રશ્નના ઉકેલ તરીકે પોતાના નાગરિકો પર એક કાર્બન પર નાંખવાની દરખાસ્ત કરનાર સૌ પ્રથમ દેશ, નીચેનામાંથી કયો હતો ?

(A) ઓસ્ટ્રેલીયા

(B) જર્મની

(C) જાપાન

(D) ન્યુઝીલેન્ડ

Prepp
Your Personal Exams Guide

23. Who said "The essential function of central bank is the maintenance of the stability of monetary standard" ?
   (A) Kisch and Elkins
   (B) De Kock
   (C) Henry Thornton
   (D) None of the above

24. Which of the following is an obstacle to economic development ?
   (A) Low rate of capital formation
   (B) Vicious circle of poverty
   (C) Socio-cultural barriers
   (D) All of the above

25. Since 2005, custom duties have been reduced because of international agreement under :
   (A) WTO
   (B) IMF
   (C) World Bank
   (D) All of the above

23. ''કેન્દ્રીય બેન્કનું આવશ્યક કાર્ય, નાણાંકીય ધોરણની સ્થિરતા જાળવી રાખવાનું છે.'' આમ કોણે કહ્યું છે ?
   (A) કીચ અને એલ્કીન્સ
   (B) ડી કોક
   (C) હેન્રી થોર્ટન
   (D) ઉપરનામાંથી કોઈ નહીં

24. નીચેનામાંથી કયું આર્થિક વિકાસનું અવરોધક છે.
   (A) મૂડીસર્જનનો ન્યુનતમ દર
   (B) ગરીબીનું વિષચક્ર
   (C) સામાજિક–આર્થિક અવરોધકો
   (D) ઉપરના બધાજ

25. વર્ષ 2005 થી જકાતના દરો ઘટાડવામાં આવ્યા છે, જેનું કારણ :
   (A) WTO
   (B) IMF
   (C) વિશ્વ બેન્ક
   (D) ઉપરના તમામ

   હેઠળના આંતરરાષ્ટ્રીય કરારો છે.

www.prepp.in

26. Value added tax is :

(A) A special tax levied by the states on products from other states

(B) a tax on final consumption collected at the consumption level

(C) an ad valorem tax on final consumption collected at the manufacturing level

(D) an ad valorem tax on domestic final consumption collected at all stages between production and point of final sale

27. If $C = 75 + 0.82Y$ is the consumption function, then the marginal propensity to save is :

(A) 0.82

(B) 75

(C) 25

(D) 0.18

26. મૂલ્ય વર્ધન કર, એ :

(A) અન્ય રાજ્યોની ચીજવસ્તુઓ પર જે રાજ્ય દ્વારા નંખાતો એક વિશિષ્ટ કર છે

(B) અંતિમ વપરાશ પરનો કર છે કે જે વપરાશના સ્તરે એકત્ર કરવામાં આવે છે

(C) ઔદ્યોગિક ઉત્પાદનના સ્તરે એકત્ર કરવામાં આવતો, અંતિમ વપરાશ પરનો મૂલ્યાનુસાર કર

(D) ઉત્પાદન અને અંતિમ વેચાણ વચ્ચેના તમામ તબક્કામાં, ઘરેલુ અંતિમ વપરાશ પરનો મૂલ્યાનુસાર કર

27. જો વપરાશ વિધેય $C = 75 + 0.82Y$ હોય તો. સીમાંત બચત વૃત્તિ :

(A) 0.82

(B) 75

(C) 25

(D) 0.18

થશે.

www.prepp.in

28. For a matrix to have an inverse, it should be a square matrix and :

(A) Singular matrix

(B) Non-singular matrix

(C) Diagonal matrix

(D) Null matrix

29. The criteria of expected monetary value is used in decision-making under ................

(A) Certainty

(B) Uncertainty

(C) Inflation

(D) Recession

30. The absence of money illusion means that :

(A) as the money supply doubles, the demand for money doubles

(B) as the price level doubles, the demand for money doubles

(C) as interest rate doubles, the demand of money doubles

(D) as real income doubles, the demand of money doubles

28. શ્રેણિક A નો વ્યસ્ત શ્રેણિક હોય તે માટે તે ચોરસ શ્રેણિક હોવો જોઈએ અને તે :

(A) શૂન્ય નિશ્ચાયક ધરાવતો વિલક્ષણ શ્રેણિક

(B) બિનશૂન્ય નિશ્ચાયક ધરાવતો શ્રેણિક

(C) વિકર્ણ શ્રેણિક

(D) શૂન્ય શ્રેણિક

હોવો જોઈએ.

29. નિર્ણયીકરણની પ્રક્રિયામાં અપેક્ષિત નાણાંકીય મૂલ્યના ધોરણનો ઉપયોગ :

(A) નિશ્ચિતતા

(B) અનિશ્ચિતતા

(C) ફુગાવા

(D) મંદી

ની પરિસ્થિતિમાં થાય છે.

30. નાણાંભ્રમની ગેરહાજરી એટલે :

(A) જો નાણાંનો પુરવઠો બમણો થાય તો નાણાંની માંગ બમણી થાય

(B) જો કિંમતનું સ્તર બમણું થાય તો નાણાંની માંગ બમણી થાય

(C) જો વ્યાજનો દર બમણો થાય તો નાણાંની માંગ બમણી થાય

(D) જો વાસ્તવિક આવક બમણી થાય તો નાણાંની માંગ બમણી થાય

www.prepp.in

31. The general methods used to solve industrial disputes in India are :

(1) Collective bargaining

(2) Compulsory arbitration

(3) Adjudication

(4) Decision by trade unions

Choose the correct combination of methods from the following :

(A) (1) and (2)

(B) (2) and (3)

(C) (2) and (4)

(D) (1) and (3)

32. Migration is a function of :

(A) Interplay of a number of push factors

(B) Interplay of a number of pull-factors

(C) Religious factors

(D) The combination of push and pull factors

31. ભારતમાં ઔદ્યોગિક વિવાદોને હલ કરવાની સામાન્ય પદ્ધતિઓ છે :

(1) સામુહિક સોદાબાજી

(2) ફરજિયાત લવાદ

(3) ન્યાયિક નિર્ણય

(4) મજદૂર સંગઠન દ્વારા નિર્ણય

નીચેનામાંથી સાચુ સંયોજન પસંદ કરો :

(A) (1) અને (2)

(B) (2) અને (3)

(C) (2) અને (4)

(D) (1) અને (3)

32. સ્થળાંતર :

(A) દબાણ કરતા કે પ્રોત્સાહન આપતા અનેક પરિબળોના પરિણામ સ્વરૂપ

(B) આકર્ષણ કરતા અનેક પરિબળોનું પરિણામ સ્વરૂપ

(C) ધાર્મિક પરિબળો

(D) દબાણ કરતા અને આકર્ષણ કરતા પરિબળોનું સંયોજન

નું વિધેય છે.

Prepp
Your Personal Exams Guide

33. UNDP has introduced a new poverty index known as :
(A) Human poverty index
(B) Poorest among poor index
(C) Social Poverty Index
(D) Multi-dimensional poverty index

34. GATT was established in the year :
(A) 1947
(B) 1945
(C) 1950
(D) 2005

35. Which of the following is *not* a characteristic of a tax ?
(A) It is a compulsory payment
(B) Every tax involves a sacrifice by the tax payer
(C) There is a quid-pro-quo between the tax payer and the government
(D) Refusal to pay a tax is a punishable offence

33. યુ.એન.ડી.પી. એ નવો ગરીબી આંક દાખલ કરેલ ને ......... તરીકે ઓળખવામાં આવે છે.
(A) માનવ ગરીબી આંક
(B) ગરીબમાં ગરીબ આંક
(C) સામાજિક ગરીબી આંક
(D) બહુ–આયામી ગરીબી આંક

34. ગેટની સ્થાપના ........ વર્ષમાં થઈ.
(A) 1947
(B) 1945
(C) 1950
(D) 2005

35. નીચેનામાંથી કયું એક કરનું લક્ષણ નથી ?
(A) તે એક ફરજીયાત ચૂકવણી છે
(B) દરેક કરમાં, કર ભરનારનો ત્યાગ સમાયેલો છે
(C) કર ભરનાર અને સરકાર વચ્ચે સમાન લેણદેણ છે
(D) કર ભરવાનો ઈનકાર એ એક સજાપાત્ર ગુનો છે

36. According to the monetarist :

(A) an increase in the money supply is likely to lead to inflation

(B) a monetary stimulus is ineffective if firm costs of production also rise

(C) long-run aggregate supply is vertical at the natural rate of unemployment

(D) all of the above

37. The formula for compounding is given as $V = P(1 + r)^t$, where P is the principal, V-final value, $r$ is the rate of growth and $t$ stands for time. As the frequency of compounding tends to α then :

(A) $V = P(1 + r)^{\alpha t}$

(B) $V = Pe^{rt}$

(C) $V = e^{Prt}$

(D) $V = \frac{P}{(1+r)^t}$

36. નાણાંવાદીઓના મત મુજબ :

(A) નાણાંના પૂરવઠામાં વૃદ્ધિ, ફુગાવો સર્જી શકે છે

(B) જો પેઢીનો ઉત્પાદન ખર્ચ પણ વધે તો નાણાંકીય પ્રોત્સાહન બીન અસરકારક છે

(C) બેરોજગારીના પ્રાકૃતિક દરે, લાંબા ગાળાનો કુલ પુરવઠો લંબરૂપ (ઉભી રેખા હોય છે)

(D) ઉપરના તમામ

37. ચક્રવૃદ્ધિ ગણત્રી માટેનું સૂત્ર $V = P(1 + r)^t$ છે, જેમાં P મૂડી, V અંતિમ કિંમત, $r$ વૃદ્ધિનો દર અને $t$ સમય દર્શાવે છે. જેમ ચક્રવૃદ્ધિ ગણત્રી કરવાની આવૃત્તિ અનંત તરફ જાય ત્યારે :

(A) $V = P(1 + r)^{\alpha t}$

(B) $V = Pe^{rt}$

(C) $V = e^{Prt}$

(D) $V = \frac{P}{(1+r)^t}$

www.prepp.in

38. A situation where people who have taken out insurance behave recklessly as a result is known as .............

(A) Symmetric information

(B) Bad Luck

(C) Fraud

(D) Moral hazard

39. In classical theory of international trade, the exchange of goods and services takes on the basis of ......... system ?

(A) Barter

(B) Money

(C) Labour

(D) Capital

40. If $X_1$ and $X_2$ are two means of samples having sizes $n_1$ and $n_2$ respectively, the combined mean will be :

(A) $\frac{X_1 + X_2}{2}$

(B) $\frac{X_1 + X_2}{n_1 + n_2}$

(C) $\frac{n_1X_1 + n_2X_2}{n_1 + n_2}$

(D) $X_1 + X_2$

38. જેમણે વીમો લીધો છે એવી વ્યક્તિઓ મનસ્વી વર્તન કરે તે પરિસ્થિતિને :

(A) અસંમિત માહિતી

(B) દુર્ભાગ્ય

(C) છળ

(D) નૈતિક સંકટ

કહે છે.

39. આંતરરાષ્ટ્રીય વ્યાપારના પ્રશિષ્ટ સિદ્ધાંતમાં, વસ્તુઓ અને સેવાઓનો વિનિમય કઈ વ્યવસ્થાના આધારે થાય છે ?

(A) વસ્તુ વિનિમય (સાટું)

(B) નાણાં

(C) શ્રમ

(D) મૂડી

40. $n_1$ અને $n_2$ જેટલું કદ ધરાવતા બે નિર્દેશોના મધ્યકો અનુક્રમે $X_1$ અને $X_2$ હોય તો, સંયુક્ત મધ્યક :

(A) $\frac{X_1 + X_2}{2}$

(B) $\frac{X_1 + X_2}{n_1 + n_2}$

(C) $\frac{n_1X_1 + n_2X_2}{n_1 + n_2}$

(D) $X_1 + X_2$

થશે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

41. Increase in agricultural production and productivity is a pre-condition :

(A) to raise the share of agriculture in GDP

(B) to ensure national food security

(C) to provide livelihood and nutritional security

(D) all of the above

41. કૃષિક્ષેત્રનું ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો એ પૂર્વશરત છે :

(A) જીડીપી માં કૃષિક્ષેત્રના હિસ્સામાં વધારો

(B) રાષ્ટ્રિય અન્ન સુરક્ષાની ખાત્રી

(C) જીવનજરૂરી અને પોષણયુક્ત સલામતી પૂરી પાડવી

(D) ઉપરના બધાજ

42. Life tables are studied as :

(A) Cohort or generation life table

(B) Period life table

(C) Human life table

(D) (A) and (B) types only

42. જીવન કોષ્ટકોનો :

(A) સમકાલીન વ્યક્તિઓના સમુહ અથવા પેઢી જીવન કોષ્ટક

(B) સમયગાળા જીવન કોષ્ટક

(C) માનવ જીવન કોષ્ટક

(D) (A) અને (B) પ્રકારે જ

અભ્યાસ કરવામાં આવે છે.

43. In Rostow's theory, the drive to maturity :

(A) starts the development process

(B) completes the development process

(C) comes before the take-off

(D) follows the take-off

43. રોસ્ટોના સિદ્ધાંતમાં – પરીપક્વતા દિશા –

(A) વિકાસની પ્રક્રિયાની શરૂઆત છે

(B) વિકાસની પ્રક્રિયા પૂરી કરે છે

(C) ઉડ્ડયન પહેલા છે

(D) ઉડ્ડયન પછી આવે છે

www.prepp.in

44. A tariff ..........

(A) Increases the volume of trade

(B) Reduces the volume of trade

(C) Has no effect on volume of trade

(D) Both (A) and (C)

44. જકાત :

(A) વ્યાપારનું કદ વધારે છે

(B) વ્યપારનું કદ ઘટાડે છે

(C) વ્યાપારના કદને અસર કરતી નથી

(D) (A) અને (C) બંને

45. Incidence of tax can be passed on to others in case of :

(A) Direct taxes

(B) Indirect taxes

(C) Both (A) and (B)

(D) None of the above

45. કરસંપાતને અન્યો પર :

(A) સીધા કરવેરા

(B) પરોક્ષ કરવેરા

(C) (A) અને (B) બંને

(D) ઉપરનામાંથી કોઈ નહીં

ના કિસ્સામાં ખસેડી શકાય છે.

46. The speculative demand for money, according to Keynes is a function of :

(A) level of income

(B) rate of interest

(C) level of output

(D) level of saving

46. કેઈન્સના મંતવ્ય મુજબ, નાણાંની સટ્ટાકીય માંગ :

(A) આવકના સ્તર

(B) વ્યાજના દર

(C) ઉત્પાદનના સ્તર

(D) બચતના સ્તર

નું વિધેય છે.

Prepp
Your Personal Exams Guide

47. The Cobweb model is given as :

$Q_{dt} = f(P_t)$ and $Q_{st} = f(P_{t-1})$

The model yields :

(A) Static equilibrium

(B) No equilibrium

(C) Comparative static equilibrium

(D) Dynamic equilibrium

48. The cardianalist criterion of social welfare is based on ..........

(A) Law of diminishing marginal utility

(B) Principle of maximum welfare of maximum people

(C) Law of equimarginal utility

(D) Law of social justice

49. The BLUE of parameters in a two-variable linear regression model $Y_i = \alpha + \beta X_i + u_i$ are obtained by minimizing :

(A) $\Sigma Y_i^2$

(B) $\Sigma(Y_i - \beta X_i)^2$

(C) $\Sigma u_i^2$

(D) $\Sigma e_i^2$ where $e_i$ = error in estimation $= Y_i - \hat{Y}_i$, $\hat{Y}_i$ estimated value of $Y_i$ .

47. કોબ–વેબ મોડેલ

$Q_{dt} = f(P_t)$ અને $Q_{st} = f(P_{t-1})$ છે.

આ મોડેલ :

(A) સ્થૈતિક સમતુલા

(B) અસમતુલા

(C) તુલનાત્મક સ્થૈતિક સમતુલા

(D) ગતિશીલ સમતુલા

આપે છે.

48. સામાજીક કલ્યાણનો સંખ્યાસૂચક માપદંડ :

(A) ઘટતા જતા સીમાંત તુષ્ટિગુણના નિયમ

(B) મહત્તમ લોકોના મહત્તમ કલ્યાણના સિદ્ધાંત

(C) સમસીમાંત તુષ્ટિગુણના નિયમ

(D) સામાજીક ન્યાયના નિયમ

પર આધાર રાખે છે.

49. દ્વિચલીય સુરેખ નિયતસંબંધ મોડેલ $Y_i = \alpha + \beta X_i + u_i$ માં, પ્રાચલોના BLUE (શ્રેષ્ઠ સુરેખ અનભિનત આગણકો) :

(A) $\Sigma Y_i^2$

(B) $\Sigma(Y_i - \beta X_i)^2$

(C) $\Sigma u_i^2$

(D) $\Sigma e_i^2$ જ્યાં $e_i$ = આગણનની ત્રુટિ $= Y_i - \hat{Y}_i$ અને $\hat{Y}_i$ = $Y_i$ = ની આગણન કરેલી કિંમત

ના ન્યૂનતમીકરણ દ્વારા મેળવવામાં આવે છે.

50. Physical Quality of Life Index (PQLI) is a composite index of :

(A) Life expectancy at age one, basic literacy and Personal Income

(B) Basic literacy, Nutrition and life expectancy at age one

(C) Life expectancy at age one, basic literacy and infant mortality

(D) Life expectancy at age one, infant mortality and standard of living

50. જીવનના ભૌતિક ગુણવત્તાના આંકની સંરચનામાં ........ સમાવિષ્ટ છે.

(A) એક વર્ષની વયે જીવનની અપેક્ષા, પાયાની સાક્ષરતા અને વ્યક્તિગત આવક

(B) પાયાની સાક્ષરતા, પોષણ અને એક વર્ષની વયે જીવનની અપેક્ષા

(C) એક વર્ષની ઉંમરે જીવનની અપેક્ષા, પાયાની સાક્ષરતા અને શિશુ મૃત્યુ દર

(D) એક વર્ષની વયે જીવનની અપેક્ષા, શિશુ મૃત્યુ દર અને જીવન ધોરણનું સ્તર

51. Who has launched the "Grand Innovation Challenge" ?

(A) PMO

(B) Ministery of Sicnece and Technology

(C) NITI Aayog

(D) Atal Innovation Programme

51. કોણે ભવ્ય નવીનતાનાં પડકારનો પ્રારંભ કર્યો છે ?

(A) વડા પ્રધાનની ઓફીસ

(B) વિજ્ઞાન અને તકનીકી મંત્રાલય

(C) નીતિ આયોગ

(D) અટલ નવીનતા કાર્યક્રમ

www.prepp.in

52. The theory of Demographic transition 2006 is contributed by the economist :
(A) Caldwell and Caldwell
(B) Harrod and Domar
(C) Malthus
(D) Kaldor

53. A labour-saving technical progress is more important for :
(A) Developing countries
(B) Agrobased countries
(C) Developed countries
(D) More populated countries

54. New trade theory propounded by Heckscher-Ohlin assumes the following :
(A) Increasing returns to scale
(B) Imperfect competition
(C) Product differentiation
(D) All of the above

55. In India, fiscal deficit as a percentage of GDP during last 5 years is :
(A) Falling
(B) Rising
(C) Constant
(D) None of the above

52. વર્ષ 2006 નો વસ્તીવિષયક સંક્રમણ અંગેનો સિદ્ધાંત, અર્થશાસ્ત્રી :
(A) કાલ્ડવેલ અને કાલ્ડવેલ
(B) હેરડ અને ડોમાર
(C) માલ્થસ
(D) કાલ્ડોર
દ્વારા આપવામાં આવ્યો છે.

53. મજૂર બચત તકનીકી પ્રગતિ ........ માટે વધુ મહત્વપૂર્ણ છે.
(A) વિકાસમાન દેશો
(B) કૃષિ આધારીત દેશો
(C) વિકસીત દેશો
(D) વધુ વસ્તીવાળા દેશો

54. હેક્શ્ચર ઓહલીનનો નવો વ્યાપાર સિદ્ધાંત નીચેની ધારણા પર આધારીત છે.
(A) વધતા મળતરનો દર
(B) અપૂર્ણ હરીફાઈ
(C) ઉત્પાદન તફાવત
(D) ઉપરના બધાજ

55. ભારતમાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં રાજકોષિય ખાધનું ટકાવારી પ્રમાણ છેલ્લા ૫ વર્ષ દરમ્યાન :
(A) ઘટ્યું છે
(B) વધ્યું છે
(C) સ્થિર છે
(D) ઉપરનામાંથી કોઈ નહીં

56. Which of the following is not an organised sector in India ?

(A) Nationalised Banks

(B) Chits and moneylender

(C) Regional Rural Banks

(D) Cooperative Banks

57. If the technology matrix in input-output framework is given as 'A', then $(I - A)^{-1}$ is :

(A) $I + A + A^2 + A^3 + A^4$ .......

(B) $I - A - A^2 - A^3 - A^4$ .......

(C) $I - A + A^2 - A^3 + A^4 +$ .......

(D) $I + (I - A) + (I^2 - A^2) + (I^3 - A^3) +$ .......

58. Kaldor-Hicks welfare criterion is based on :

(A) Marginal utility of money is the same for all

(B) Marginal utility of money is not same for all

(C) Average utility of money is same for all

(D) Average utility of money is not same for all

56. ભારતમાં, નીચેનામાંથી કયું એક સંગઠીત ક્ષેત્ર નથી ?

(A) રાષ્ટ્રીયકૃત બેન્કો

(B) ચીટ્સ અને શાહુકારો (શરાફો)

(C) પ્રાદેશિક ગ્રામ્ય બેન્કો

(D) સહકારી બેન્કો

57. જો સાધન–ઉત્પાદન માળખામાં ટેકનોલોજી શ્રેણિક A હોય તો $(I - A)^{-1}$ =

(A) $I + A + A^2 + A^3 + A^4$ .......

(B) $I - A - A^2 - A^3 - A^4$ .......

(C) $I - A + A^2 - A^3 + A^4 +$ .......

(D) $I + (I - A) + (I^2 - A^2) + (I^3 - A^3) +$ .......

58. કાલ્ડોર–હીક્સ કલ્યાણ માપદંડ :

(A) નાણાંનો સીમાંત તુષ્ટિગુણ તમામ માટે સમાન છે

(B) નાણાંનો સીમાંત તુષ્ટિગુણ તમામ માટે સમાન નથી

(C) નાણાંનો સરેરાશ તુષ્ટિગુણ તમામ માટે સમાન છે

(D) નાણાંનો સરેરાશ તુષ્ટિગુણ તમામ માટે સમાન નથી

ધારણા પર આધાર રાખે છે.

www.prepp.in

59. A discrete choice model is used when :

(A) The dependent variable can take only discrete values

(B) The independent variable(s) can take only discrete values

(C) Both of them can take any values

(D) Parameters can take only discrete values

60. Keynes refuted the Pigouion formulation that :

(A) cut in money wage could achieve full employment

(B) cut in real wage could achieve full employment

(C) cut in rate of interest could achieve full employment

(D) cut in tax rate could achieve full employment

59. અસતત પસંદગીના મોડેલનો ત્યારે જ ઉપયોગ થાય છે જયારે :

(A) સાપેક્ષ ચલરાશિ ફક્ત અસતત કિંમતો ધારણ કરી શકે

(B) નિરપેક્ષ ચલરાશિ(ઓ) ફક્ત અસતત કિંમતો ધારણ કરી શકે

(C) બંને કોઈ પણ કિંમત ધારણ કરી શકે

(D) પ્રાચલો ફક્ત અસતત કિંમતો ધારણ કરી શકે

ત્યારે 'અસતત પસંદગી મોડેલ' નો ઉપયોગ થાય છે.

60. કેઈન્સ, પીગુ દ્વારા રચવામાં આવેલા સૂત્રીકરણનો અસ્વીકાર કરતાં જણાવે છે કે :

(A) નાણાંકીય વેતનમાં કાપ મૂકવાથી પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરી શકાય છે

(B) વાસ્તવિક વેતનમાં કાપ મૂકવાથી પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરી શકાય છે

(C) વ્યાજના દરમાં કાપ મૂકવાથી પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરી શકાય છે

(D) કરના દરમાં કાપ મૂકવાથી પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરી શકાય છે

Prepp
Your Personal Exams Guide

61. Food for work programme is managed by ..........

(A) State Bank of India

(B) UNO

(C) World Bank

(D) Ministry of rural development

62. In any country population per square kilometer indicates :

(A) Labour deficiency

(B) Population expansion

(C) Population reduction

(D) Population density

63. Capital-output ratio refers to :

(A) Units of capital required to produce consumer goods

(B) Units of capital required to produce one unit of output

(C) Amount of capital required to install a capital asset

(D) None of the above

61. અન્ન માટેનો કાર્યક્રમ કોના દ્વારા સંચાલિત ......... થાય છે.

(A) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા

(B) યુનો

(C) વિશ્વ બેન્ક

(D) ગ્રામીણ વિકાસ મંત્રાલય

62. કોઈ પણ દેશમાં વર્ગ કિલોમીટર દીઠ વસ્તી :

(A) શ્રમની ઉણપ

(B) વસ્તી વિસ્તરણ

(C) વસ્તી ઘટાડો

(D) વસ્તીની ગીચતા

દર્શાવે છે.

63. મૂડી ઉત્પાદન ગુણોત્તર ઉલ્લેખ કરે છે :

(A) ઉપભોક્તા વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી મૂડીના એકમો

(B) એક એકમ જેટલું ઉત્પાદન કરવા માટે આવશ્યક મૂડીના એકમો

(C) મૂડી સંપત્તિ સ્થાપિત કરવા માટે જરૂરી મૂડીની રકમ

(D) આમાંથી કોઈ નહીં

64. In a 2-factor, 2 goods Heckshcher-Ohlin model, the two countries differ in :

(A) Military capabilities

(B) Labour productivities

(C) Relative availabilities of factors of production

(D) Tastes

64. બે ઉત્પાદન સાધનો, બે વસ્તુઓ ધરાવતા હેક્શ્ચર–ઓહલીન મોડેલમાં બે દેશોમાં :

(A) લશ્કરી ક્ષમતા

(B) શ્રમની ઉત્પાદકતા

(C) ઉત્પાદનના સાધનોની સાપેક્ષ ઉપલબ્ધતા

(D) રૂચિ

ની દૃષ્ટિએ ભેદ હોય છે.

65. Which finance commission has used forest cover a criterion for horizontal distribution of resources in India ?

(A) 10th Finance Commission

(B) 12th Finance Commission

(C) 13th Finance Commission

(D) 14th Finance Commission

65. ભારતમાં સંસાધનોની સમસ્તરીય વહેંચણી માટેના એક માપદંડ તરીકે 'વન આવરણ' નો કયા નાણા પંચે ઉપયોગ કર્યો હતો ?

(A) દશમું નાણા પંચ

(B) બારમું નાણા પંચ

(C) તેરમું નાણા પંચ

(D) ચૌદમું નાણા પંચ

66. Financial stability report of 2019 is released by :

(A) World Bank

(B) International Monetary Fund

(C) Reserve Bank of India

(D) World Economic Forum

66. ૨૦૧૯ નો વિત્તીય સ્થિરતા અહેવાલ ...... જાહેર કરે છે.

(A) વિશ્વ બેન્ક

(B) ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ

(C) રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા

(D) વર્લ્ડ ઈકોનોમીક ફોરમ

67. Given the production function :

$$Q = 3L^2 + 4LK + 6K^2$$

The function is :

(A) a non-homogeneous function
(B) a cubic function
(C) a linear function
(D) a homogeneous function

68. Walrasian general equilibrium includes :

(A) Demand function
(B) Supply function
(C) Clearing all the markets simultaneously
(D) All of the above

69. A necessary condition for identification of an equation in a simultaneous equation model is :

(A) The number of a-priori restrictions should not be less than the number of equations in the model minus one
(B) The number of a-priori restrictions should not be more than the number of equations in the model minus one
(C) The number of a-priori restrictions should be equal to the number of equations in the model
(D) The number of variables excluded from the equation must be less than the number of equations in the model minus 1

67. ઉત્પાદન વિધેય :

$$Q = 3L^2 + 4LK + 6K^2$$

(A) એક બિનસમઘાતી વિધેય
(B) એક ઘન ઘાત ધરાવતું વિધેય
(C) એક સુરેખ વિધેય
(D) એક સમઘાતી વિધેય

68. વૉલરાશીયન સાર્વત્રિક સમતુલામાં :

(A) માંગ વિધેય
(B) પૂરવઠા વિધેય
(C) તમામ બજારોને એકીસાથે ખાલી કરવા
(D) ઉપરના તમામ

નો સમાવેશ થાય છે.

69. એક યુગપત સમીકરણ મોડેલમાં, એક સમીકરણના અભિજ્ઞાન (ઓળખ) માટેની એક જરૂરી શરત :

(A) પૂર્વ બાધકોની સંખ્યા, મોડેલના સમીકરણોની સંખ્યા ઓછા એક, થી ઓછી ન હોવી જોઈએ
(B) પૂર્વ બાધકોની સંખ્યા, મોડેલના સમીકરણોની સંખ્યા ઓછા એક, થી વધુ ન હોવી જોઈએ
(C) પૂર્વ બાધકોની સંખ્યા, મોડેલના સમીકરણોની સંખ્યાની બરાબર હોવી જોઈએ
(D) સમીકરણમાંથી દૂર કરાઈ હોય તેવી ચલરાશિઓની સંખ્યા, મોડેલના સમીકરણોની સંખ્યા ઓછા એક, થી ઓછી હોવી જોઈએ

70. In calculating a country's GNP at market prices one of the following is *not* included ?

(A) Wage and salaries

(B) Bonds to the employers

(C) Indirect tax

(D) Depreciation allowance

70. કોઈ એક દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનની ગણત્રી બજાર ભાવોએ કરતાં નીચેનામાંથી ........... નો સમાવેશ થતો નથી.

(A) વેતનો અને પગારો

(B) કર્મચારીઓને અપાતા બોન્ડ્સ

(C) અપ્રત્યક્ષ કરો

(D) ઘસારા ભથ્થા

71. The most important source of electricity energy in India is :

(A) Petroleum

(B) Coal

(C) Electricity

(D) Atomic Energy

71. ભારતમાં વિદ્યુત ઉર્જાનો સૌથી મહત્વનો સ્રોત ......... છે.

(A) પેટ્રોલ

(B) કોલસો

(C) વિજળી

(D) અણુ ઉર્જા

72. The calculation of birth rates and death rates are attempted on :

(A) per 100 persons

(B) per 1000 persons

(C) per 10,000 persons

(D) per 1,00,000 persons

72. જન્મદરો અને મૃત્યુદરોની ગણત્રી :

(A) દર 100 વ્યક્તિ

(B) દર 1000 વ્યક્તિ

(C) દર 10,000 વ્યક્તિ

(D) દર 1,00,000 વ્યક્તિ

માટે કરવામાં આવે છે.

Prepp
Your Personal Exams Guide

73. Which of the following trade policies limits specified quantity of goods to be imported at one tariff rate ?

(A) Quota

(B) Import tariff

(C) Specific tariff

(D) All of the above

74. CENVAT is related to :

(A) Sales Tax

(B) Excise Duty

(C) Custom Duty

(D) Service Tax

75. How can the RBI decrease the money supply in the economy ?

(A) Reduction in Bank Rate

(B) Purchase security from open market

(C) Lower the Repo rate

(D) Increase the CRR

73. એક જ જકાત દરે, વસ્તુઓનો નિર્દિષ્ટ જથ્થો મર્યાદીત કરવાનું કાર્ય, નીચેનામાંથી કઈ વ્યાપાર નીતિ કરે છે ?

(A) ક્વોટા

(B) આયાત જકાત

(C) વિશિષ્ટ જકાત

(D) ઉપરની તમામ

74. CENVAT :

(A) વેચાણ વેરા

(B) જકાત

(C) કસ્ટમ ડ્યુટી

(D) સેવા કર

સાથે સંબંધિત છે.

75. RBI કઈ રીતે અર્થતંત્રમાંથી નાણાંનો પૂરવઠો ઓછો કરી શકે છે ?

(A) બેન્ક દરમાં ઘટાડો કરીને

(B) મુક્ત બજારમાંથી જામીનગીરીઓ ખરીદીને

(C) રેપો દરમાં ઘટાડો કરીને

(D) સી.આર.આર. માં વધારો કરીને

www.prepp.in

76. The coefficients in a technology matrix in input-output framework are :

(A) Both negative and positive

(B) All elements less than one

(C) Diagonal elements are greater than one

(D) Diagonal elements are all zero

77. The factor intensity in production of any commodity depends on :

(A) Quality of factors

(B) Substitutability of factors

(C) Quantity of factors

(D) All of the above

78. To compare the per capita incomes of two states, which test will be used ?

(A) $z$-test

(B) F-test

(C) $t$-test

(D) Chi-square test

76. સાધન–ઉત્પાદન સંરચનામાં 'ટેકનોલોજી શ્રેણિક' ના સહગુણકો :

(A) ધન કે ઋણ બંને હોઈ શકે છે

(B) તમામ ઘટકો એક કરતાં ઓછા હોય છે

(C) કર્ણ પરના ઘટકો એક કરતાં વધુ હોય છે

(D) કર્ણ પરના તમામ ઘટકો શૂન્ય હોય છે

77. કોઈ પણ વસ્તુના ઉત્પાદનમાં રહેલી 'ઉત્પાદન સાધન તીવ્રતા' :

(A) ઉત્પાદનસાધનોની ગુણવત્તા

(B) ઉત્પાદનસાધનોની અવેજીક્ષમતા

(C) ઉત્પાદનસાધનોના જથ્થા

(D) ઉપરના તમામ

પર આધાર રાખે છે.

78. બે રાજ્યોની માથા દીઠ આવકોની તુલના કરવા માટે કયા પરીક્ષણનો ઉપયોગ કરવામાં આવશે ?

(A) $z$-પરીક્ષણ

(B) F-પરીક્ષણ

(C) $t$-પરીક્ષણ

(D) કાઈ-સ્ક્વેર પરીક્ષણ

www.prepp.in

79. If the demand for money is perfectly interest inelastic, the LM schedule will be :

(A) Downward sloping
(B) Upward sloping
(C) Vertical line
(D) Horizontal line

80. Which of the following measures cannot remove poverty ?

(A) Population control
(B) Government taxes
(C) Increase in production
(D) Equitable distribution

81. Which of the following are functions of NITI Aayog ?

(1) Fostering co-operative federalism
(2) Platform for resolution of inter-sectoral and interdepartmental issues
(3) Instrument to bring outside ideas into policy-making

(A) (1), (3)
(B) (1), (2)
(C) (2), (3)
(D) All of the above

79. જો નાણાંની માંગ સંપૂર્ણ વ્યાજ સ્થિતિસ્થાપક હોય તો LM સૂચિ ......... હશે.

(A) નીચેની બાજુ ઢળતી
(B) ઉપરની બાજુ ઢળતી
(C) લંબ રૂપ (ઉભી રેખા)
(D) ક્ષિતિજ સમાંતર (આડી રેખા)

80. નીચેનામાંથી કયુ પગલું ગરીબી દુર કરી શકે નહીં ?

(A) વસ્તી નિયંત્રણ
(B) સરકારી કરવેરા
(C) ઉત્પાદનમાં વધારો
(D) સમાન વહેંચણી

81. નીતિ આયોગના કાર્યો નીચેનામાંથી કયાં છે ?

(1) સહકારી સંઘવાદને વધારવો
(2) આંતરક્ષેત્રિય અને આંતરવિભાગીયના પ્રશ્નો ઠરાવ માટેનો મંચ
(3) બાહ્ય વિચારોને નીતિ વિષયક સાધન તરીકે લાવવા માટે

(A) (1), (3)
(B) (1), (2)
(C) (2), (3)
(D) ઉપરના બધાજ

82. Environmental Economics focuses on :

(A) Private-costs and private benefits analysis

(B) Social costs and social benefits analysis

(C) Both private and social costs-benefits analysis

(D) None of the above

83. Which instrument possess general acceptability ?

(A) Bank draft

(B) Bill of Exchange

(C) Money

(D) None of the above

84. Adam Smith predicted that the economy would end in a stationary state because :

(A) There will be scarcity of natural resources

(B) The economy would run out of arable land

(C) The economy would face scarcity of entrepreneurs

(D) People will stop working

82. પર્યાવરણીય અર્થશાસ્ત્ર :

(A) ખાનગી-ખર્ચ અને ખાનગી લાભ વિશ્લેષણ

(B) સામાજીક ખર્ચ અને સામાજીક લાભ વિશ્લેષણ

(C) ખાનગી અને સામાજીક ખર્ચ-લાભ વિશ્લેષણ બંને

(D) ઉપરનામાંથી કોઈ નહીં

ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

83. કયુ ઉપકરણ સર્વસામાન્ય રીતે સ્વીકાર્ય છે ?

(A) બેન્ક ડ્રાફ્ટ

(B) બીલ ઓફ એક્ષ્ચેન્જ

(C) નાણા

(D) ઉપરનામાંથી કોઈ નહીં

84. એડમ સ્મિથએ આગાહી કરી હતી કે અર્થતંત્ર સ્થિર રાજ્યમાં સમાપ્ત થશે કારણ કે :

(A) કુદરતી સંસાધનની અછત

(B) ખેત જમીન ઉપલબ્ધ રહેશે નહીં

(C) નિયોજકોની અછત અર્થતંત્ર અનુભવશે

(D) લોકો કામ કરવાનું છોડી દેશે

www.prepp.in

85. Which of the following factors influence trade ?

(A) Government

(B) The stage of development of a product

(C) The relative price of factors of production

(D) All of the above

85. નીચેનામાંથી કયું પરિબળ વ્યાપારને અસર કરે છે ?

(A) સરકાર

(B) એક વસ્તુના વિકાસનો તબક્કો

(C) ઉત્પાદનના સાધનોની સાપેક્ષ કિંમતો

(D) ઉપરના તમામ

86. Which Committee recommended abolition of tax rebates under section 88 ?

(A) Chelliah Committee

(B) Kelkar Committee

(C) Shome Committee

(D) None of the above

86. કઈ સમિતિએ, કલમ ૮૮ હેઠળની કર રાહતો નાબૂદ કરવાની ભલામણ કરી હતી ?

(A) ચેલ્લૈયા સમિતિ

(B) કેલકર સમિતિ

(C) શોમ સમિતિ

(D) ઉપરનામાંથી કોઈ નહીં

87. 'Type I error' in tests of hypotheses is the :

(A) Probability of accepting Null hypothesis when it is true

(B) Probability of accepting alternative hypothesis when it is true

(C) Probability of rejecting null hypothesis when it is true

(D) Probability of rejecting alternative hypothesis when it is true

88. Given the total cost function as :

$TC = 600 + 3Q - 5Q^2 + 2Q^3$

The average fixed cost (AFC) is given as :

(A) $AFC = 600 + 3Q$

(B) $AFC = -5Q^2 + 3Q^3$

(C) $AFC = (600 + 3Q - 5Q^2 + 2Q^3)/Q$

(D) $AFC = 600Q^{-1}$

87. પરિકલ્પના પરીક્ષણમાં 'પ્રથમ કક્ષાનો દોષ' એટલે :

(A) જ્યારે નિરાકરણીય પરિકલ્પના સાચી હોય ત્યારે તેને સ્વીકારવાની સંભાવના

(B) જ્યારે વૈકલ્પિક પરિકલ્પના સાચી હોય ત્યારે તેને સ્વીકારવાની સંભાવના

(C) જ્યારે નિરાકરણીય પરિકલ્પના સાચી હોય ત્યારે તેનો અસ્વીકાર કરવાની સંભાવના

(D) જ્યારે વૈકલ્પિક પરિકલ્પના સાચી હોય ત્યારે તેનો અસ્વીકાર કરવાની સંભાવના

88. જો કુલ ખર્ચ વિધેય

$TC = 600 + 3Q - 5Q^2 + 2Q^3$

હોય તો સરેરાશ સ્થિર ખર્ચ (AFC) વિધેય :

(A) $AFC = 600 + 3Q$

(B) $AFC = -5Q^2 + 3Q^3$

(C) $AFC = (600 + 3Q - 5Q^2 + 2Q^3)/Q$

(D) $AFC = 600Q^{-1}$

થશે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

89. Kinked demand curve is the result of ............

(A) Selection of inferior goods

(B) Differences in response to change in price

(C) Government tax and subsidy

(D) Changes in consumer preferences

90. As per the Loanable fund theory, the rate of interest is a function of :

(A) Investment

(B) Quantity of money

(C) Supply of money

(D) Desire to hoard money

91. The solar power capacity target in India by 2021-22 under Jawaharlal Nehru National Solar Mission is ............

(A) 1,00,000 MW

(B) 20,000 MW

(C) 18,000 MW

(D) 16,000 MW

89. ખાંચાવાળો માંગનો વક્ર એ :

(A) હલકી વસ્તુઓની પસંદગી

(B) કિંમતમાં થયેલા ફેરફાર પ્રત્યેના પ્રતિભાવમાં રહેલા તફાવતો

(C) સરકારી કરવેરા અને રાહતો

(D) ગ્રાહકની પસંદગીમાં થતા પરિવર્તનો

નું પરિણામ છે.

90. ધિરાણ ભંડોળના સિદ્ધાંત પ્રમાણે વ્યાજનો દર એ .......... નું વિધેય છે.

(A) મૂડીરોકાણ

(B) નાણાંનો જથ્થો

(C) નાણાંનો પુરવઠો

(D) નાણાં સંગ્રહની ઈચ્છા

91. જવાહરલાલ નેહરુ રાષ્ટ્રિય સૌર ઉર્જા અભિયાન હેઠળ 2021-22 સુધીમાં ભારતમાં ........... સૌર ઉર્જાની ક્ષમતાનું લક્ષ્ય છે.

(A) 1,00,000 MW

(B) 20,000 MW

(C) 18,000 MW

(D) 16,000 MW

Prepp
Your Personal Exams Guide

92. Environment is identified as a public good because :

(A) It has internal economies and diseconomies

(B) It has external economies and diseconomies

(C) It has regional economies and diseconomies

(D) None of the above

93. Who will settle the grievances of customers of Banks ?

(A) Reserve Bank of India

(B) State Bank of India

(C) Ombudsman

(D) Local court

94. The Nobel Memorial Prize in Economic Sciences 2019 is awarded to :

(A) Paul Romer and Oliver Hart

(B) Amartya Sen

(C) Angus Deaton and Oliver Hart

(D) Abhijit Banerjee, Esther Duflo and Michael Kremer

92. પર્યાવરણને એક 'જાહેર વસ્તુ' ગણવામાં આવે છે, કારણ કે :

(A) તેમાં આંતરિક લાભો અને ગેરલાભો હોય છે

(B) તેમાં બાહ્ય લાભો અને ગેરલાભો હોય છે

(C) તેમાં પ્રાદેશિક લાભો અને ગેરલાભો હોય છે

(D) ઉપરનામાંથી કોઈ નહીં

93. બેન્કોના ગ્રાહકોની ફરિયાદોનું કોણ નિરાકરણ કરશે ?

(A) રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા

(B) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા

(C) (ઓમ્બડ્સમેન) ગ્રાહક ફરીયાદ નિવારણ અધિકારી

(D) સ્થાનિક કોર્ટ

94. ૨૦૧૯ નો અર્થશાસ્ત્ર વિષયનો નોબેલ મેમોરીયલ પ્રાઈઝ કોને આપવામાં આવેલ છે ?

(A) પોલ રોમર અને ઓલીવર હાર્ટ

(B) આમર્ત્ય સેન

(C) એન્ગર્સ ડીટન અને ઓલીવર હાર્ટ

(D) અભિજિત બેનરજી, ઈસ્ટ ડફલો અને માઈકેલ ક્રેમર

95. The investment in productive assets and participation in management as stakeholders in business enterprise is :

(A) FDI

(B) FII

(C) Balance of Payment

(D) SDR

96. The non-economic arguments for tariff protection include :

(A) National Pride

(B) Income redistribution

(C) National defence

(D) All of the above

97. The Cobb-Douglas production function $Q = A.L^{\alpha}.K^{\beta}$ exhibits elasticity of substitution $(\sigma_s)$ :

(A) $\sigma_s = 0$

(B) $\sigma_s = (\alpha + \beta)$

(C) $\sigma_s = 1$

(D) $\sigma_s < 1$

95. ઉત્પાદકીય અસકયામતોમાં મૂડીરોકાણ અને ધંધાકીય સાહસોમાં હિતધારકો તરીકે ભાગીદારી એ :

(A) FDI

(B) FII

(C) લેણદેણની તુલા

(D) SDR

છે.

96. જકાત સંરક્ષણ માટેની બિનઆર્થિક દલીલોમાં :

(A) રાષ્ટ્રીય ગૌરવ

(B) આવકની પુનઃવહેંચણી

(C) રાષ્ટ્રીય સંરક્ષણ

(D) ઉપરના તમામ

97. કોબ ડગ્લાસ ઉત્પાદન વિધેય $Q = A.L^{\alpha}.K^{\beta}$ માટે અવેજીની મૂલ્યસાપેક્ષતા $(\sigma_s)$ ની કિંમત :

(A) $\sigma_s = 0$

(B) $\sigma_s = (\alpha + \beta)$

(C) $\sigma_s = 1$

(D) $\sigma_s < 1$

98. Method of moving averages is a method to determine :

(A) Trend

(B) Cyclical variations

(C) Seasonal variations

(D) Random variations

99. The purpose of product differentiation is to ........

(A) Shift the demand curve to right

(B) Make demand curve inelastic

(C) Shift cost curves

(D) Both (A) and (B)

100. Who has written 'A Contribution to the Theory of the Trade Cycle' ?

(A) J. Schumpeter

(B) J.M. Keynes

(C) J.R. Hicks

(D) K. Mitchell

98. ચલિત સરેરાશોની પદ્ધતિ, એ :

(A) વલણ

(B) ચક્રીય ફેરફારો

(C) મોસમી ફેરફારો

(D) યદૃચ્છ ફેરફારો

ને નિર્ધારિત કરવાની પદ્ધતિ છે.

99. વસ્તુ ભેદભાવનો હેતુ :

(A) માંગના વક્રને જમણી બાજુ ખસેડવાનો છે

(B) માંગના વક્રને મૂલ્યઅનપેક્ષ બનાવવાનો છે

(C) ખર્ચના વક્રોને ખસેડવાનો છે

(D) (A) અને (B) બંને છે

100. 'A contribution to the theory of the trade cycle' પુસ્તક ....... એ લખ્યું છે.

(A) જે. શૂમ્પીટર

(B) જે.એમ. કેઈન્સ

(C) જે.આર. હિક્સ

(D) કે. મિચેલ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## ROUGH WORK

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# ROUGH WORK

SEAL

Prepp Your Personal Exam Guide